॥ જય ભીમ ॥ ॥ જય રોહીદાસ ॥

# ભવતુ સબ્બ મંગલમ્

આજ રોજ વિક્રમ સંવત ૨૦૬૬ ના ચૈત્ર સુદ ૬ ને રવિવાર તા. ૨૧-૩-૨૦૧૦ ના રોજ પાલનપુર ચૌત્રીસી પરગણાની સમાજવાડી મુકામે ધાન્ધાર ચમાર સમાજના પાંચ પરગણાં.

(૧) ચોત્રીસી પરગણું (૨) તેત્રીસી પરગણું (૩) વડગામ પરગણું (૪) ઉગમણું પરગણું (૫) મલાણી સાઈઠ પરગણું.

ઉપરના પાંચ પરગણાં ઉપરના બતાવેલા સમય અને સ્થળે સમાજવાડીના પટાંગણમાં સમાજના સામાજિક રીત રીવાજોનું બંધારણ ઘડવા પાંચે પરગણાના સમૂહ સમાજ એકત્ર થઈ નવિન બંધારણ જાહેરમાં ચર્ચા, વિચારણા, પરામર્શ કરી નીચે પ્રમાણેની બંધારણની રચના સર્વાનુમતે કરવામાં આવે છે. જે બંધારણાં ઘડેલ નીતિનિયમો સમૂહ સમાજના દરેક વ્યક્તિને લાગુ પાડે છે. અને તેનો અમલ તમામે કરવાનો રહેશે.

આ બંધારણનો અમલ તા. ૧૪-૪-૨૦૧૦ થી ચૂસ્ત પણે પાલન કરવા અમો પાંચે પરગણાના ચમાર ભાઈઓ વચનબધ્ધ છીએ. તે માટે સોગન વિધિ પૂર્વક અમલ કરવા બંધાઈએ છીએ.

**ઠરાવ - ૧. સગપણ બાબત.**

સગપણ કરવા માટે સવારે મુરતિયા પક્ષેથી પાંચ માણસોએ કન્યા પક્ષે જવું. સગપણમાં સાકર ભરેલી કાછલી કંકુનો પડો અને એક રૂપિયો કન્યાપક્ષની વસ્તીની રૂબરૂ આપી સગાઈનો ટહુકો પડાવવો. જેથી સગાઈ થયેલી ગણાશે. આવનાર મહેમાનોને ચાંદલા કરાવવા. થાળીમાં ગોળ લઈને ફેરવવો અને મીઠું મોં કરાવવું. વેવાઈને સામસામો ગોળ ખવરાવવો નહિ.

સગાઈ વખતે કોઈપણ પ્રકારના દાગીના, કપડાં કે શૃંગારની ચીજો કે વસ્તુઓ આપવી કે લેવી નહિં. વીંટીના રૂપિયા આપવા નહિં. તેમજ કન્યા કે મુરતિયા પક્ષેથી કોઈપણ પ્રકારની નાણાંકિય લેવડ દેવડ કરવી નહિ. તેમજ મુરતિયા પક્ષેથી આવેલા મહેમાનોએ જમ્યા પછી ભાણે રોકડ રકમ મૂકવી નહિ.

કન્યાને સગાઈ પછી મુરતિયાના બાપે રૂા. ૧૦૧/- એકસો એક કન્યાને માથે હાથ ફેરવીને આપવા. બીજા સગા સબંધીઓએ કંઈ આપવું નહિ. કન્યા પક્ષેથી મુરતિયા પક્ષને વળાવવા જતાં પહેલાં સાકર ભરેલી કાછલી અને રૂા. ૫૧/- એકાવન

રૂપિયા કન્યાના બાપે આપવાં. કન્યા પક્ષના સગા સંબંધીઓએ કંઈ આપવું નહિ. સગાઈ તોડનાર અથવા આ ઠરાવનો ભંગ કરનારને રૂા. ૧૦૦૦/- એક હજાર પોતાના પરગણાએ વસુલ કરવા અને સગાઈ તોડનાર વ્યક્તિ રૂા. ૧૦૦૦/- એક હજાર જમા કરાવે નહિં ત્યાં સુધી બીજી સગાઈ કરી શકશે નહિ.

મુરતિયા પક્ષેથી રૂા. ૧૦/- દશ મારાજને આપવા. પોતાની કુંવાસીને રોકડમાં યથાશક્તિ પ્રમાણે આપવાની છૂટ છે.

**ઠરાવ - ૨. લગ્ન વધાવવા બાબત.**

લગ્ન વધાવવા માટે કન્યા પક્ષેથી સવારે પંદર માણસો એ વર પક્ષે જવું. વર માટે શ્રીફળ, પેન્ટપીસ કે ધોતિયું, કંકુનો પડો અને એક રૂપિયો લઈને જવું. મુરત પ્રમાણે લગન વધાવવું. બેઠી પથારીયે ચાંદલા કરાવવા. ગોળની થાળી મહેમાનોમાં ફેરવવી. લગન વધાવી મેહમાનોને જમાડવા. બ્રાહ્મણ તથા ઢોલીને રૂપિયા દશ-દશ આપવા. પોતાની કુંવાસીને યથાશક્તિ રોકડમાં આપવું. કન્યાના ભાઈને કંઈ આપવું નહિ. આ સિવાય કોઈપણ પ્રકારની લેવડ દેવડ કરવી નહિ.

**ઠરાવ - ૩. વિવાહ બાબત.**

કન્યા અને મુરતિયાનાં પુખ્ત ઉંમરે જ લગ્ન કરવાં. જાન તેડવા વરઘોડ મોકલવો નહિ. વર અને કન્યાએ મન પસંદ પોષાક પહેરી શકશે. જાનમાં એકાવન જાનૈયાઓએ જવું. જાનમાં દિકરી કે વહુઆરુને લઈ જવી નહિં. લુણારી લઈ જવી નહિં. જાન સમયસર મુહર્ત પ્રમાણે લઈને જવું. ગોંદરે જાન આવે ત્યારે કન્યા પક્ષેથી તોરણે વરને વધાવવા અબોખો લઈને બાઈએ જવું. વરને ચાંદલો કરી ચોરીમાં લાવવા અને ત્યારબાદ મુરત પ્રમાણે ફેરા આપવા. પછી વરને ઉતારે લઈ જવા. અને કન્યાને તેના પિતાના ઘેર લઈ જવી. ઘરધણીએ પોતાની સંપત પ્રમાણે જાનને જમણ આપવું. નાસ્તા સદંતર બંધ કરવામાં આવે છે. જાનૈયાઓએ જમ્યાબાદ ભાણે કંઈ રોકડમાં મૂકવું નહિ. માયરામાં ગોળ થાળીમાં ફેરવવો. શરબત સદંતર બંધ કરવામાં આવે છે.

મુરતિયા પક્ષેથી રૂા. ૨૧૦૧/- બે હજાર એકસો એક પુરા ભાણે ભરવા અને તેનો ટહુકો પડાવવો. કોઈપણ સંજોગોમાં કન્યા પક્ષેથી દાપું પાછું આપવું નહિં તેમજ મુરતિયા પક્ષે સ્વીકારવું નહિં. મુરતિયા પક્ષે રૂા. ૫/- અને કન્યા પક્ષે રૂા. ૫/- ભુરદાન લઈ બ્રાહ્મણને આપવા. બ્રાહ્મણને લગ્ન વિધિ પતાવવા માટે જાન પક્ષ તરફથી રૂપિયા એકાવન આપવા.

**માંડવાની વળતર**

બાઈને ચાંદીની તોડીઓ, તાંબાનું બેડુ, બાજવટ અને જળતો દીપક આપવાં. કન્યાને ચાંદલા પેટે માંડવામાં આવનાર સંબંધીઓએ તેમની યથાશક્તિ પ્રમાણે રોકડમાં આપવું અને કોઈએ દાગીના આપવા નહિં. લગ્નમાં વાસણો આપવાં સદંતર બંધ કરવામાં આવે છે. જાનને સમયસર કન્યા સાથે વિદાય આપવી. અણવર મોકલવો. બીજા દિવસે કન્યાને તેના પિયર વિદાય કરવી. કન્યા જ્યારે લગ્ન કરીને વર પક્ષે જાય ત્યારે વરપક્ષેથી કોઈપણ જાતના દાગીના કે કપડાં આપી શકાશે નહિં. અણવરને માત્ર પેન્ટપીસ આપવો.

મુરતિયા પક્ષે સામા પક્ષની સંમતિ મેળવી વિડીયો અને ફોટોગ્રાફી કરી શકશે. વાજીંત્રો ચાલુ રાખવામાં આવે છે.

વર પક્ષની કુંવાસી હોય તો વરપક્ષ તરફથી તેની કુંવાસીને યથાશક્તિ પ્રમાણે રોકડમાં આપી શકશે અને કન્યાપક્ષની કુંવાસીને કન્યાને રોકડ કે ઓઢામણું આપી શકશે. વર પરણવા જાય ત્યારે વરની કુંવાસી તરફથી ઓઢામણું કે રોકડમાં કંઈજ આપી શકશે નહિ. વિવાહ પછી વરપક્ષ તરફથી માંડવો જોવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. કોઈપણ પ્રસંગોએ વેવાણનો સાડલો ઓઢાડવો નહિં તે સદંતર બંધ કરવામાં આવે છે. આ ઠરાવનો ભંગ કરનારને રૂપિયા પાંચસો સમાજના ભંડોળમાં લેવા. જાનના ઉતારે લેવડ દેવડ બંધ કરવામાં આવે છે.

**ઠરાવ - ૪ મામા મોળીયા બાબત.**

મામા મોળીયું કરવા જનાર વ્યક્તિએ તેની બહેન, બનેવી અને ભાણેજ ને જોડી - જોડી કપડાં તથા યથા શક્તિ પ્રમાણે રોકડમાં આપી શકશે અને બહેનના કુટુંબમાં તેની યથાશક્તિ પ્રમાણે રોકડમાં વહેવાર કરી શકશે. વળતરમાં ભાઈ કે ભત્રીજાને પેન્ટપીસ ઓઢાડી શકશે.

**ઠરાવ - ૫ મામેરા બાબત.**

મામેરું જાન આવે ત્યારે સવારે આવે. મામેરાને સામૈયું આપવું. ચાંદલા કર્યા પછી (મામેરું વધાવ્યા પછી) મામેરું બહેનના ઘેર જશે. સામૈયા પેટે યથાશક્તિ બહેનને આપી શકશે.

માયરામાં જાનનો વહિવટ પુરો થયા પછી માયરામાં જ બેસીને મામેરાનો વહિવટ ચાલુ કરવો. મામેરામાં લાવેલ દાગીના, કપડાં, બેડું કે રોકડ રકમ આપી શકશે. બહેનના કુટુંબમાં કે ભાયપામાં સાસુ, સસરા કે સબંધીઓને ઓઢામણું કે

કુંવાસીઓને કે સગાઓને ઓઢામણાં
રોકડમાં આપી શકશે. મામેરું તેમની અન્ય કુંવાસીઓને કે સગાઓને ઓઢામણાં
આપી શકશે. શ્રી કૃષ્ણાર્પણનો ટહૂકો પડાવવો. શરબત સદંતર બંધ કરવામાં આવે છે.
માયરામાં મામેરું ભર્યા પછી બહેન તેના ભાઈને અને તેના ગામના જ ભાઈઓને
ચાંદલા કરી શકશે. ચાંદલા પેટે જે આપવું હોય તે આપી શકશે. મામા માટ સદંતર
બંધ કરવામાં આવે છે.

મામેરાની વળતર પેટે બહેનના ભાઈ ભાભીઓ, ભત્રીજાઓ તેમજ સાથે
આવનાર કુટુંબને ઓઢામણાં આપી શકશે. મામેરાએ વિદાય વખતે બહેનને મળી
શકશે અને યથાશક્તિ વહિવટ કરશે. રાત્રે મામેરું જમીને વિદાય થાય. ચોખાનું ભોજન
બંધ કરવામાં આવે છે.

**ઠરાવ - ૬ આંણા બાબત.**

પુખ્તવયની કન્યાના લગ્ન પછી બે માસમાં આંણું કરાવી દેવું. આણું તેડવા
માટે પાંચ માણસોએ જવું. આંણાવટ પેટે રૂા. ૧૧૦૧/- એક હજાર એકસો એક
આંણાવટ આપવી. આંણું કર્યાના સાત દિવસ પછી તેનો ભાઈ આણું તેડવા જશે. તેના
ભાઈને પેન્ટપીસ આપવો. આણું કર્યા પછી કન્યા આવતી જતી હોઈ કન્યાનો બાપ
માત્ર પેટી આપવાના બહાના તળે અથવા બીજા બહાના તળે રોકી શકશે નહિં. આ
કલમનો ભંગ કરનારનો રૂા. ૫૦૧/- પાંચસો એક સમાજભંડોળ પેટે આપવાના રહેશે.

**ઠરાવ - ૭ ઝીયારાના આંણા બાબત.**

બહેનના ઝીયારા પ્રસંગે પિયરીયાએ તેડી જવી હોય તો તેમની સંપત પ્રમાણે
તેડી જવી. ત્યારબાદ બહેનના માતાપિતા તરફથી પેટી અથવા જે આપવું હોય તે આપી
શકશે. ઝીયારાનું આંણું તેડવા જનારે નાણાંકિય લેવડ દેવડ કરવી નહિં. બાળકની
જન્મની વધામણી લઈને જવાનું સદંતર બંધ કરવામાં આવે છે. દિકરી દિકરાના જન્મ
વખતે મુરતિયા પક્ષેથી બૈરીઓએ બાળક રમાડવા જવાનું થાય તો આવનાર બૈરાંઓને
સાડલા ઓઢાડવા નહિં. વેવાણનો સાડલો સદંતર બંધ કરવામાં આવે છે. વિંટીઓના
રૂપિયા બંધ કરવામાં આવે છે.

**ઠરાવ - ૮ ઢૂંઢ બાબત.**

ઢૂંઢ સદંતર બંધ છે. મોંસાળ પક્ષ તરફથી હોળીના તહેવાર નિમિત્તે દાગીના કે
કપડાં કોઈપણ બહાને લઈ જવાં નહિં. તેમજ દિકરા દિકરી પક્ષે સ્વીકારવાં નહિં. કપડાં
કે દાગીના આપનાર તેમજ લેનાર બંને પક્ષો સમાજના ગુનેગાર ગણાશે. તેનો ભંગ
કરનાર પાસેથી રૂા. ૫૦૧/- પાંચસો એક સમાજ ભંડોળ પેટે જમા લેવામાં આવશે.

**ઠરાવ - ૯ છૂટાછેડા બાબત.**

કન્યા પક્ષ કે મુરતિયાપક્ષ કે જેને છૂટાછેડા લેવાના હોય તે છૂટાછેડા લેનાર બંને પક્ષોએ પોતપોતાના ગામોએ ભેગા મળીને છૂટા છેડા લેવા. મુરતિયા પક્ષેથી છૂટાછેડા આપવાના હોય તો રૂપિયા ૧૧૦૦૦/- અગિયાર હજાર કન્યા પક્ષને આપવા અને રૂા. ૨૦૦૦/- બે હજાર તેના પરગણાને અલગ આપવા. તેમજ કન્યાપક્ષ તરફથી છૂટાછેડા લેવામાં આવે તો રૂા. ૧૫૦૦૦/- પંદર હજાર પુરા મુરતિયા પક્ષને આપવા અને રૂા. ૨૦૦૦/- બે હજાર પુરા પોતાના પરગણાને ખર્ચ પેટે અલગ આપવા. જો કન્યા અને મુરતિયો અલગ અલગ પરગણાના હોય તો બે, બે હજાર રૂપિયા ખર્ચ પેટે પોત પોતાના પરગણાને આપવાના રહેશે.

મુરતિયા પક્ષેથી છૂટાછેડા લેવાના થાય તો અગાઉ કન્યા પક્ષ તરફથી આવેલાં વાસણ અને દાગીના કન્યા પક્ષને પરત આપવા. કન્યાને વળતરમાં આપેલ વસ્તુઓ પૈકી ચાંદીની તોડીઓ કન્યાએ મુરતિયાને પાછી આપવી. કન્યા પક્ષે છૂટાછેડા લેતા માગતા હોય તો વાસણ કે દાગીના પરત આપવા નહિં.

કન્યા કે મુરતિયા પૈકી ગમે તે પક્ષ છૂટાછેડા આપતો હોય તો પણ મુરતિયા તરફથી કન્યાને આપેલા દાગીના કન્યાએ મુરતિયાને પરત કરવાના રહેશે.

**ઠરાવ - ૧૦ રીસણા બાબત.**

આપણા સમાજમાં કેટલીક કન્યાઓ કેટલાંક કારણોસર પોતાના પિયરમાં બેઠી છે. રીસણે બેઠેલી કન્યાઓને મુરતિયા પક્ષેથી બે મહિના સુધીમાં પોતાના ગામની વસ્તીના ભાઈઓ સાથે લઈને તેડવા જવું અને કન્યા ન મોકલે તો પોતાના ઝલાને જાણ કરવી. પોતાના ઝલાએ સમાધાન થાય તેવા પ્રયત્નો કરવા.

સમાજમાં દહેજપ્રથા સદંતર બંધ છે. તેમ છતાં દહેજ કે ત્રાસનો આરોપ લગાવી ખોટી કલમો લગાવી નિર્દોશ વ્યક્તિઓ સામે ખોટા આરોપ મૂકી હેરાન પરેશાન કરવામાં આવે છે. તેવા કિસ્સાઓમાં ભગવાનથી ડર્યા વગર ઉતાવળ કરીને કેટલાક લોકો કેશ કરે છે. અને હાલ કોર્ટમાં ચાલે છે. આવા બીનપાયાદાર કેશોમાં કોર્ટ કાયદાનો આશરો લેતાં પહેલાં પોતાની વસ્તીને પૂછવું. કોર્ટમાં જનાર પક્ષ સમાજની સમાધાનકારી વાત ન સ્વીકારેતો સમાજને યોગ્ય લાગે તે નિર્ણય લઈ શકશે.

**ઠરાવ - ૧૧ સવેરી કન્યા બાબત.**

સમાજમાંથી કોઈપણ કન્યા સાસરિયા કે પિયરપક્ષમાંથી સવેરી જાય તો કન્યાનો બાપ જવાબદાર ગણાશે અને તેની પાસેથી રૂા. ૫૦,૦૦૦/- રૂપિયા પચાસ

હજાર લેવામાં આવશે. તેમાંથી રૂા. ૪૫,૦૦૦/- પિસ્તાળીસ હજાર મુરતિયાને આપવા અને રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સમાજના ફંડમાં જમા લેવા. જો કન્યા અને મુરતિયો બંને અલગ અલગ પરગણના હોય તો રૂપિયા ૨૫૦૦ - રૂપિયા ૨૫૦૦ બંને પરગણાએ લેવા. અને તે સમાજના ભંડોળમાં જમા લેવા.

**ઠરાવ - ૧૨ પત્નિ ઉપર પત્નિ કરવા બાબત.**

નામદાર સરકારશ્રીના કાયદા અનુસાર બીજી પત્નિ કરવી ગુનો બને છે. તેમ છતાં કોઈ વ્યક્તિ પોતાને એક પત્નિ હોવા છતાં જો બીજી પત્નિ કરશે તો તે વ્યક્તિ પાસેથી સમાજે રૂા. ૫૦,૦૦૦/- પચાસ હજાર લેવા. જે પૈકી રૂા. ૪૫,૦૦૦/- પિસ્તાળીસ હજાર જૂની પત્નિના હક માટે આપવા અને રૂા. ૫૦૦૦/- પાંચ હજાર જે તે પરગણાએ સમાજ સુધારણા માટે લેવા. જો પ્રથમ પત્નિને બાળક ન હોય તો તેને વંશવેલો ટકાવા માટે જૂની પત્ની અને તેના પિયરીયાઓએ બીજી પત્નિ કરવાની છૂટ આપવી.

**ઠરાવ - ૧૩ મરણક્રિયા બાબત.**

મરણ પ્રસંગે અઠવાડિયા સુધીમાં એકજ દિવસનો લોકાચાર રાખવો અને લોકાચાર પ્રસંગે જમણમાં દાળભાત જ આપવા. અને વસ્તી તરફથી આપવામાં આવતા નાસ્તા સદંતર બંધ કરવામાં આવે છે. નાની ઉંમર કે ત્રાસદાયક મોતમાં પણ એક જ દિવસનો લોકાચાર રાખવો. જમણમાં દાળભાત આપવા નહિં. મરણ પ્રસંગના લોકાચાર વખતે વિંછુડો, પંચાંગ, રવિવાર, કે મંગળવાર હોયતો પણ મરજી મુજબ લોકાચાર રાખી શકાશે. મૃત્યુ પાછળ લોકાચાર વખેત ફક્ત એકજ વખતે રોવા જવું. પોતાની કુંવાસી એકલી બીજી વખત રોવા જઈ શકશે. શોક છોડાવવા માટે તેની પોતાની કુંવાસીએ ૪ જવું. તેની સાથે દેરાણા, જેઠાણી, સાસુ કે અન્ય કોઈ બૈરાંએ જવું નહિં. તે દિવસે ીઠું ભોજન ખાવાનું નહિં. અને કુંવાસીઓને શોકનો સાડલો ઓઢાડવો.

અસ્થિ (ફૂલ) પોતાના મરજી મુજબના સ્થળે અને સમયે પધરાવી શકશે. ત્યુ પછી સુંવાળાની વિધિમાં પોતાના ગામના માણસો જ સુંવાળાની વિધિ કરશે. ોજા સગાંસંબંધીઓ સ્મશાન યાત્રામાંથી આવીને ધૂપ કે કોગળા લઈ રવાના થશે. થરણું પાથરી દિવો કરી સુંવાળાની વિધિ કરવી.

મૃત્યુ પ્રસંગે કુટુંબના ભાઈઓ સાસરીયાપક્ષ, પિયરપક્ષ, મોંસાળપક્ષ, સગી ેન કફન લાવશે. સગા સંબંધીઓ કે જે તે મહોલ્લાના ભાઈઓએ કફન લાવવું ે. પરંતુ રૂા. ૧૦/- દશ કફન પેટે આપવા હોય તો ધર્માદા આપી શકશે.

કુંવાસી વિધવા બને ત્યારે સોનાની બંગડી, ચાંદીની માઠડીઓ કે ગુજરીઓ,

હજાર લેવામાં આવશે. તેમાંથી રૂા. ૪૫,૦૦૦/- પિસ્તાળીસ હજાર મુરતિયાને આપવા અને રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સમાજના ફંડમાં જમા લેવા. જો કન્યા અને મુરતિયો બંને અલગ અલગ પરગણના હોય તો રૂપિયા ૨૫૦૦ - રૂપિયા ૨૫૦૦ બંને પરગણાએ લેવા. અને તે સમાજના ભંડોળમાં જમા લેવા.

**ઠરાવ - ૧૨ પત્નિ ઉપર પત્નિ કરવા બાબત.**

નામદાર સરકારશ્રીના કાયદા અનુસાર બીજી પત્નિ કરવી ગુનો બને છે. તેમ છતાં કોઈ વ્યક્તિ પોતાને એક પત્નિ હોવા છતાં જો બીજી પત્નિ કરશે તો તે વ્યક્તિ પાસેથી સમાજે રૂા. ૫૦,૦૦૦/- પચાસ હજાર લેવા. જે પૈકી રૂા. ૪૫,૦૦૦/- પિસ્તાળીસ હજાર જૂની પત્નિના હક માટે આપવા અને રૂા. ૫૦૦૦/- પાંચ હજાર જે તે પરગણાએ સમાજ સુધારણાં માટે લેવા. જો પ્રથમ પત્નિને બાળક ન હોય તો તેને વંશવેલો ટકાવા માટે જૂની પત્ની અને તેના પિયરીયાઓએ બીજી પત્નિ કરવાની છૂટ આપવી.

**ઠરાવ - ૧૩ મરણક્રિયા બાબત.**

મરણ પ્રસંગે અઠવાડિયા સુધીમાં એકજ દિવસનો લોકાચાર રાખવો અને લોકાચાર પ્રસંગે જમણમાં દાળભાત જ આપવા. અને વસ્તી તરફથી આપવામાં આવતા નાસ્તા સદંતર બંધ કરવામાં આવે છે. નાની ઉંમર કે ત્રાસદાયક મોતમાં પણ એક જ દિવસનો લોકાચાર રાખવો. જમણમાં દાળભાત આપવા નહિં. મરણ પ્રસંગના લોકાચાર વખતે વિંછુડો, પંચાંગ, રવિવાર, કે મંગળવાર હોયતો પણ મરજી મુજબ લોકાચાર રાખી શકાશે. મૃત્યુ પાછળ લોકાચાર વખેત ફક્ત એકજ વખતે રોવા જવું.પોતાની કુંવાસી એકલી બીજી વખત રોવા જઈ શકશે. શોક છોડાવવા માટે તેની પોતાની કુંવાસીએ જ જવું. તેની સાથે દેરાણા, જેઠાણી, સાસુ કે અન્ય કોઈ બૈરાંએ જવું નહિં. તે દિવસે મીઠું ભોજન ખાવાનું નહિં. અને કુંવાસીઓને શોકનો સાડલો ઓઢાડવો.

અસ્થિ (ફૂલ) પોતાના મરજી મુજબના સ્થળે અને સમયે પધરાવી શકશે. મૃત્યુ પછી સુંવાળાની વિધિમાં પોતાના ગામના માણસો જ સુંવાળાની વિધિ કરશે. બીજા સગાંસંબંધીઓ સ્મશાન યાત્રામાંથી આવીને ધૂપ કે કોગળા લઈ રવાના થશે. પાથરણું પાથરી દિવો કરી સુંવાળાની વિધિ કરવી.

મૃત્યુ પ્રસંગે કુટુંબના ભાઈઓ સાસરીયાપક્ષ, પિયરપક્ષ, મોંસાળપક્ષ, સગી બહેન કફન લાવશે. સગા સંબંધીઓ કે જે તે મહોલ્લાના ભાઈઓએ કફન લાવવું નહિ. પરંતુ રૂા. ૧૦/- દશ કફન પેટે આપવા હોય તો ધર્માદા આપી શકશે.

કુંવાસી વિધવા બને ત્યારે સોનાની બંગડી, ચાંદીની માઠડીઓ કે ગુજરીઓ,

કડલાં, સાંકળાં કે બીજા દાગીના આપવા નહિં. પરંતુ વિધવા બનેલ બહેન (કુંવાસી) તેના પિયરમાં શોકનો સાડલો ઓઢવા જાય ત્યારે તેના પિયરપક્ષ તરફથી દાગીના આપવા હોય તો આપી શકશે.

**ઠરાવ - ૧૪ પોથ બાબત.**

સમાજમાં કોઈ બહેન વિધવા બને ત્યારે પિયરપક્ષ તરફથી રૂા. ૨૫/- પચીસ રૂપિયા પોથના આપવા. જે દિવસે બાઈને પોથ ઓઢાડવો હોય તે દિવસે તેના સાસરીયા પક્ષના માણસોએ પોથ લાવી ઓઢાડી દેવો. તે દિવસે પિટણી સદંતર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ - ૧૫ સાજનાના આંણા બાબત.**

સગપણ-કરવા પ્રથમ મુરતીયા પક્ષેથી પાંચ માણસો એ કન્યા પક્ષે જવું. કાપડાનો રૂપિયો અને ચાંદીનું મંગળસૂત્ર વસ્તીના રૂબરૂ આપવું જેથી સગપણ થયેલું ગણાશે.

ત્યારબાદ નક્કી કરેલા દિવસે ૨૧ એકવીસ માણસોએ મુરતીયા સાથે સાજનાનું આંણું તેડવા માટે જવું. પલ્લામાં જોડી કપડાં, તોડીઓ, બંગડીઓ વિગેરે વસ્તુઓ લઈને જવું જમ્યા બાદ તરત જ વસ્તીના રૂબરૂ લાવેલ પલ્લું બતાવવું. પલ્લા ઉપર સવા રૂપિયો જ મૂકવો. વસ્તી રૂબરૂ પલ્લું પહેવરાવવું.

મુરતીયા પક્ષેથી રૂા. ૫૦૦૧/- પાંચ હજાર એક દાપા તરીકે લેવા અને ટહુકો પડાવવો. મુરતીયા પક્ષે આ નાણાં પરત લેવા નહિં. કે કન્યાપક્ષે પરત આપવાં નહિં. રૂા. ૧૦/- બ્રાહ્મણને આપવા તે સિવાય કોઈ લેવડ દેવડ કરવી નહિં.

વળતરમાં મુરતીયાને ધોતિયું કે પેન્ટપીસ તેમજ રૂા. ૫/- પાંચ રૂપિયા આપવા. આવનાર માણસોને વિંટીઓના રૂપિયા આપવા નહિં. ઘરધણીએ સંપત પ્રમાણે જમણ આપવું જમ્યાબાદ સાંજના સમયસર આંણું મોકવી દેવું. ગોંદરે ઢોલી ને દશ રૂપિયા આપવા. સાજનાનું આંણું તેડવા સવારે જવું. અને તેજ દિવસે સાંજે પરત આવવું. રાતવાસો રહેવું નહિ.

સાજનાનું આંણું મોકલ્યા પછી કન્યાપક્ષેથી પંદર (૧૫) દિવસ પછી કન્યાને તેનો ભાઈ તેડવા જાય. મુરતીયા પક્ષેથી કન્યાના ભાઈને એકજ ઓઢામણું ઓઢાડવું. ત્યારબાદ એકજ મહિનામાં જોડી કપડાં આપી તેના સાસરે મોકલી દેવી. આ સમયે પોતાની યથાશક્તિ કપડાં દાગીના આપી શકશે.

**ઠરાવ - ૧૬ વેવાણના સાડલા બાબત.**

વેવાણનો સાડલો સંદતરૂ બંધ કરવામાં આવે છે. આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૦૧/- એક હજાર એક સમાજ સુધારણા માટે પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૧૭ હરખની નાત બાબત.**

જે કોઈને હરખની નાત કરવી હોય તેમણે પ્રથમ પોતાના પરગણાના તમામ ગામો બોલાવી સેસ્તાપણું કરી ચોખા પીળી નુતરાં છોડી દેવાં. હરખની નાત કે પરગણા પાટ વખતે (સામૈયા વખતે) પ્રથમ શ્રીફળને ચાંદલો કરવો. અને પછી ગુરૂને ચાંદલો કરવો. જમણમાં રાત્રે શીરો અને વધારેલા ચોળા તથા બીજા દિવસે ખીચડી અને ઉભીવાડીએ ઘીનું જમણ આપવું.

માયરામાં પોતાની દિકરીને સાડલો, જમાઈને ધોતિયું તથા કપડાં ઉપર રૂા. ૧૦૧/- એકસો એક આપવા. ફક્ત સગપણ કરેલું હોય તો રૂા. ૧૦૧/- એકસો એક આપવા. ઘરધણી કરતાં બીજા સગાંએ વધુ રકમ આપી શકશે નહિં. આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૦૧/- એક હજાર એક રૂપિયા સમાજ ભંડોળ માટે પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૧૮ પરગણા પાટ બાબત.**

જે કોઈને પરગણા પાટ કરવો હોય તો પોતાની વસ્તી ભેગી કરી ચોખા પીળ પરગણા પાટનાં નુતરાં છોડી શકે છે. જમણમાં તેમજ લેવડ દેવડમાં હરખની ના પ્રમાણે વિધિ કરવી.

આ કલમનો ભંગ કરનાર રૂા. ૫૦૧/- પાંચસો એક સમાજ ભંડોળ મ પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૧૯ સમાજ સુધારણા કે કેળવણી ફંડ બાબત.**

સમાજસુધારણા ફંડની ઉપયોગ શિક્ષણના હેતુ માટે કરવાનો હોઈ સગા લગ્ન, વિવાહ, મામેરું, આંણાં, જેવા પ્રસંગોએ આવનાર સગાઓની પાસેથી સ સુધારણા (શિક્ષણ ફંડ) માટે ઓછામાં ઓછા ૫૧/- એકાવન રૂપિયા કે અથવા તે ઈચ્છા મુજબ પ્રસંગને ધ્યાનમાં રાખીને આપી શકશે. પાવતી ફરજીયાત આપવ રકમ જે તે પરગણાની ગણાશે. અને તે પ્રથમ મીટીંગમાં જમા કરાવવાની શિક્ષણફંડનાં નાણાં કોઈપણ ગામ જમા નહિં કરાવે તો પરગણા વચ્ચે તેનો લેવામાં આવશે.

આ કલમનો ભંગ કરનાર રૂા. ૫૦૧/- પાંચસો એક સમાજ ભંડોળ પેટે



S @_Aheval (5)

**ઠરાવ - ૧૬ વેવાણના સાડલા બાબત.**

વેવાણનો સાડલો સંદતર બંધ કરવામાં આવે છે. આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૦૧/- એક હજાર એક સમાજ સુધારણા માટે પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૧૭ હરખની નાત બાબત.**

જે કોઈને હરખની નાત કરવી હોય તેમણે પ્રથમ પોતાના પરગણાના તમામ ગામો બોલાવી સેસ્તાપણું કરી ચોખા પીળી નુતરાં છોડી દેવાં. હરખની નાત કે પરગણા પાટ વખતે (સામૈયા વખતે) પ્રથમ શ્રીફળને ચાંદલો કરવો. અને પછી ગુરૂને ચાંદલો કરવો. જમણમાં રાત્રે શીરો અને વધારેલા ચોળા તથા બીજા દિવસે ખીચડી અને ઉભીવાડીએ ઘીનું જમણ આપવું.

માયરામાં પોતાની દિકરીને સાડલો, જમાઈને ધોતિયું તથા કપડાં ઉપર રૂા. ૧૦૧/- એકસો એક આપવા. ફક્ત સગપણ કરેલું હોય તો રૂા. ૧૦૧/- એકસો એક આપવા. ઘરધણી કરતાં બીજા સગાંએ વધુ રકમ આપી શકશે નહિં. આ કલમનો ભંગ કરનાર પાસેથી રૂા. ૧૦૦૧/- એક હજાર એક રૂપિયા સમાજ ભંડોળ માટે પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૧૮ પરગણા પાટ બાબત.**

જે કોઈને પરગણા પાટ કરવો હોય તો પોતાની વસ્તી ભેગી કરી ચોખા પીળી પરગણા પાટનાં નુતરાં છોડી શકે છે. જમણમાં તેમજ લેવડ દેવડમાં હરખની નાત પ્રમાણે વિધિ કરવી.

આ કલમનો ભંગ કરનાર રૂા. ૫૦૧/- પાંચસો એક સમાજ ભંડોળ માટે પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૧૯ સમાજ સુધારણા કે કેળવણી ફંડ બાબત.**

સમાજસુધારણા ફંડની ઉપયોગ શિક્ષણના હેતુ માટે કરવાનો હોઈ સગપણ, લગ્ન, વિવાહ, મામેરું, આંણાં, જેવા પ્રસંગોએ આવનાર સગાઓની પાસેથી સમાજ સુધારણા (શિક્ષણ ફંડ) માટે ઓછામાં ઓછા ૫૧/- એકાવન રૂપિયા કે અથવા તેમની ઈચ્છા મુજબ પ્રસંગને ધ્યાનમાં રાખીને આપી શકશે. પાવતી ફરજીયાત આપવી. આ રકમ જે તે પરગણાની ગણાશે. અને તે પ્રથમ મીટીંગમાં જમા કરાવવાની રહેશે. શિક્ષણફંડનાં નાણાં કોઈપણ ગામ જમા નહિં કરાવે તો પરગણા વચ્ચે તેનો હિસાબ લેવામાં આવશે.

આ કલમનો ભંગ કરનાર રૂા. ૫૦૧/- પાંચસો એક સમાજ ભંડોળ પેટે લેવા.

**ઠરાવ - ૨૦ શિક્ષણ બાબત.**

સમાજની પ્રગતિ માટે શિક્ષણ જરૂરી છે. સમાજ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે દરેક ભાઈ પોતે મુશ્કેલીઓનો સામનો કરીને પણ પોતાના બાળકોને શિક્ષણ અપાવે. સમાજની પ્રગતિનો આધારે એ સમાજની સ્ત્રીઓ છે. સમાજની સ્ત્રીઓમાંથી અંધશ્રધ્ધા વહેમ અને ખોટી માન્યતાઓ દૂર થાય આ માટે કન્યા કેળવણી ખૂબ જ જરૂરી છે. દિકરીને ઘરેણાં ન આપી શકાય તો ચાલશે પણ વિદ્યા ધન તો અવશ્ય આપશો. સમાજનો વિકાસ થાય અને ઘેર ઘેર જાગૃતીદીવો પ્રગટે એ માટે સૌના સહકારની જરૂર છે.

**ઠરાવ - ૨૧ પેન્શન કેશો બાબત.**

જે બહેનનો પતિ અકાળે અવસાન પામે અને તે સરકારી કર્મચારી હોય અથવા તેના મૃત્યું પછી ગમે તે જગ્યાએથી નાણાં મળવાનાં હોય તેવા કિસ્સાઓમાં નાણાં તથા બંધાયેલ પેન્શનની રકમ તે બાઈના નામે આવે તો તેને તેના સાસરીયામાં રહીને સાસુ સસરા અને બાળકોના હિત માટે વાપરવાના રહેશે. પરંતુ તે બાઈ તેના સાસરે ન રહેતાં પોતાના પિયરમાં જતી રહે તો અથવા પુનઃ લગ્ન કરે તો આવેલ નાણાં અને પેન્શનની રકમનો તે ઉપયોગ કરી શકશે નહિં. આ બાબતે તેના પિયરપક્ષને જવાબદાર ગણી પોતનું પરગણું યોગ્ય ન્યાય આપશે.

**ઠરાવ - ૨૨ વ્યસન બાબત.**

ઉપરોક્ત તમામ પ્રસંગોએ સમાજની કોઈપણ વ્યક્તિ એ દારૂ પીવો નહિં, પાવો નહિં, જુગાર રમવો કે રમાડવો નહિ, અફીણ વાપરવું નહિં. આ ઉપરાંત અન્ય વ્યસનનો ત્યાગ કરવો.

આ કલમનો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. ગુનો કરનાર વ્યક્તિ પાસેથી રૂા. ૫૦૧/- પાંચસો એક રૂપિયા સમાજ સુધારણા માટે પોતાના પરગણાએ લેવા.

સગપણ, લગ્ન, વિવાહ, આંણાં, માંમેરા તેમજ અન્ય પ્રસંગોએ માનપાન, વસ્તીનું માન તેમજ રાવણાં રમૂજમાં નાણાંની આપ લે કરવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ - ૨૩ વિંટીઓના રૂપિયા બાબત.**

સગાઈમાં, આંણામાં કે કોઈપણ પ્રસંગે કે આડા દિવસે વીંટીઓના રૂપિયા આપવાનું કે લેવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

આ કલમનો ભંગ કરનારના રૂા. ૨૫૧/- રૂપિયા બસો એકાવન પોતાના પરગણાએ લેવા.

**ઠરાવ - ૨૪ મીટીંગોના આયોજન બાબત.**

બંધારણના ઠરાવોનું ચૂસ્તપણે અમલ થાય છે કે નહિં તેનો વિચાર વિમર્શ કરવા માટે પાંચે પરગણાના તમામ ભાઈઓની વર્ષમાં બે વખત જનરલ સભા રાખવાનું સર્વાનુમતે

ઠરાવવામાં આવે છે. તેનું આયોજન નીચે પ્રમાણે છે.

પ્રથમ સભા : જેઠ મહિનાના અજવાળીયામાં રવિવારના દિવસે રાખવી.

બીજી સભા : કારતક મહિનાના અજવાળીયામાં રવિવારના દિવસે રાખવી.

ઉપરની સભાઓનું આયોજન નીચે પ્રમાણે કરેલ છે.

- પ્રથમ વર્ષની બંને સભાઓ ચોત્રીસી પરગણું પોતાના પરગણાના સ્થળે રાખશે.
- બીજા વર્ષની બંને સભાઓ તેત્રીસી પરગણું પોતાના પરગણાના સ્થળે રાખશે.
- ત્રીજા વર્ષની બંને સભાઓ વડગામ પરગણું પોતાના પરગણાના સ્થળે રાખશે.
- ચોથા વર્ષની બંને સભાઓ ઉગમણું પરગણું પોતાના પરગણાના સ્થળે રાખશે.
- પાંચમા વર્ષની બંને સભાઓ મલાણી સાઈઠ પરગણું પોતાના પરગણાના સ્થળે રાખશે.

ઉપરોક્ત તમામ ઠરાવોમાંથી કોઈપણ ઠરાવનું ઉલંઘન કરશે તો તે પાંચ પરગણાનો ગુનેગાર ગણાશે. કોઈપણ ઠરાવનું ઉલંઘન થયેલું છે તેવું ધ્યાન ઉપર આવશે તો ગુનેગાર અને જે તે ગામની સમગ્ર વસ્તી જવાબદાર રહેશે. આ અંગે પોતાના પરગણાએ યોગ્ય નિર્ણય લેવો.

તમામ પ્રસંગોએ સાવધાની પૂર્વક વ્યવહાર કરવો અને બંધારણની તમામ કલમોનો ચૂસ્તપણે અમલ કરવો.

**- જય ગુરૂ રવિદાસ....**

## ચૌત્રીસી પરગણાના ગામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર (કસ્બાવાસ) | ૧૬ | સલ્લા | ૩૧ | ચડોતર |
| ૨ | વેડંચા | ૧૭ | સાસમ | ૩૨ | ખોડલા |
| ૩ | ટાકરવાડા | ૧૮ | પટોસણ | ૩૩ | બાદરપુરા (ખો.) |
| ૪ | બસુ | ૧૯ | ખસા | ૩૪ | એંગોલા |
| ૫ | ચંડીસર | ૨૦ | કુંભાસણ | ૩૫ | વાઘણા |
| ૬ | કુંભલમેર | ૨૧ | સલેમપુરા | ૩૬ | કુશ્કલ |
| ૭ | મોંટા | ૨૨ | હોડા | ૩૭ | ડાંગીયા |
| ૮ | સુંઢા | ૨૩ | સરીપડા | ૩૮ | મડાણા (ડાં) |
| ૯ | સામઢી (રા.) | ૨૪ | ગાદલવાડા | ૩૯ | લક્ષ્મીપુરા (પા.) |
| ૧૦ | સામઢી (મો.) | ૨૫ | બાદરપુરા (કા.) | ૪૦ | જવાહરનગર (પા.) |
| ૧૧ | સામઢી (ના.) | ૨૬ | ટોકરીયા | ૪૧ | અમીરગઢ |
| ૧૨ | ગઢ | ૨૭ | સાગ્રોસણા | ૪૨ | લક્ષ્મણપુરા |
| ૧૩ | મડાણા (ગઢ) | ૨૮ | ભાવિસણા | ૪૩ | કોટડા (ભાખર) |
| ૧૪ | વાસણી | ૨૯ | ગઠામણ | | |
| ૧૫ | દલવાડા | ૩૦ | આકેસણ | | |